સ્પીકરના અવાજ અને જગ્યા મુદ્દે ડેરીવાળા અને તળાવવાળા ફળિયા સામસામે આવ્યાં

માતરના માછીયેલ ગામમાં ગરબા રમવા બાબતે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ

પોલીસ પર પથ્થરમારો, યુનિફોર્મ ફાડી માર માર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૩

માતર તાલુકાના માછીયેલ ગામે બેસતા વર્ષના દિવસે માંડવડીના ગરબા રમવા અને સ્પીકરના અવાજ બાબતે બે ફળિયાના જૂથો વચ્ચે ભારે બોલાચાલી બાદ અથડામણ સર્જાઈ હતી. મામલો શાંત પાડવા વચ્ચે પડેલી પોલીસ પર ઉશ્કેરાયેલા ટોળાએ પથ્થરમારો કરી સરકારી વાહનના કાચ તોડી નાખ્યા હતાં.

માતરના માછીયેલ ગામમાં 60 ઘર ધરાવતા ડેરીવાળા ફળિયા (મહાકાળી માતાના ગરબા) અને 80 ઘર ધરાવતા તળાવવાળા ફળિયા (ખોડિયાર માતાના ગરબા)ના લોકો પોતપોતાના મંડળ સાથે ગરબા રમતા રમતા ગામની ભાગોળે એક જ ચોકમાં એકઠા થઈ ગયા હતા. સ્પીકરના મોટા અવાજ અને જગ્યા બાબતે બંને જૂથો સામસામે આવી જતાં તંગદિલી સર્જાઈ હતી. આથી, પોલીસે સ્થળ પર પહોંચી એક જૂથને સમજાવીને રવાના કર્યું હતું. પરંતુ બીજા જૂથના લોકોએ ભાગોળે જ ગરબા રમવાની જીદ પકડી મોટું ટોળું ભેગું કરી લીધું હતું. માતર પોલીસની સરકારી ગાડી આવતાં જ ઉશ્કેરાયેલા ટોળાએ ગાડી પર પથ્થરમારો કર્યો હતો તેમજ પોલીસ કોન્સ્ટેબલની ફેંટ પકડીને યુનિફોર્મ ફાડી નાખી માર માર્યો હતો.

આ બનાવ સંદર્ભે પોલીસે મનુ રાયસીંગભાઈ સોઢા પરમાર, ગોકળ પરસોત્તમભાઈ સોઢા પરમાર, અજય રતિલાલ સોઢા પરમાર, રોનક ઉર્ફે પપ્પુ ભીખાભાઈ સોઢા પરમાર, ભદાભાઈ બેચરભાઈ સોઢા પરમાર, અજય ઉર્ફે ગુગો માનસંગભાઈ પરમાર, રાકેશ બાબુભાઈ પરમાર, પરેશ કાળીદાસ સોઢા પરમાર, રાજુ મફતભાઈ સોઢા પરમાર, નિલેશ કાળીદાસ સોઢા પરમાર અને ભીખાભાઈ ભદાભાઈ સોઢા પરમાર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાવાગઢ મંદિર પરિસર નવા વર્ષે 'જય માતાજી'ના નાદથી ગુંજ્યું



સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢમાં દિવાળી વેકેશનની રજાઓ અને નવા વર્ષના પવિત્ર અવસરે માતાજીના દર્શન કરવાનો વિશેષ મહિમા હોવાથી દૂરદૂરથી આવતા ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ ભીડને કારણે સમગ્ર યાત્રાધામમાં ભક્તિ અને આસ્થાનો અનોખો માહોલ છવાયો છે. દર્શનાર્થીઓની સતત વધતી ભીડને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. યાત્રિકોને દર્શન દરમિયાન કોઈ મુશ્કેલી ન પડે અને યાત્રાધામમાં સુવ્યવસ્થિત રીતે શાંતિ જળવાઈ રહે તે માટે સુરક્ષા પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

પિયર પક્ષનો હત્યાનો આક્ષેપ | સાસરી પક્ષના સભ્યો ફરાર

સુખસરના ભોજેલામાં પરિણીતાનું શંકાસ્પદ મોત : તપાસનો ધમધમાટ

(પ્રતિનિધિ) સુખસાર, તા. ૧૩

દાહોદ જિલ્લાના સુખસર તાલુકાના ભોજેલા ગામે ગત રાત્રિએ ૨૫ વર્ષીય પરણીતાનું શંકાસ્પદ સંજોગોમાં મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. આ બનાવ બાદ પરણીતાના સાસરી પક્ષના સભ્યો ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળે છે. બીજી તરફ પિયર પક્ષ દ્વારા પોતાની પુત્રીને મોતને ઘાટ ઉતારી હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.

રાજસ્થાનના સાગવાડા તાલુકાના પ્રિયંકાબેન યાદવ (ઉ.વ. ૨૫)ના લગ્ન વર્ષ ૨૦૨૦માં ભોજેલા ગામના રાહુલભાઈ યાદવ સાથે થયા હતા. લગ્ન બાદ તેઓને હાલ સુધી સંતાન સુખ મળ્યું ન હતું. સાસરી પક્ષ દ્વારા પ્રિયંકાબેને ઘર નજીક આવેલા કૂવામાં કૂદીને આત્મહત્યા કરી હોવાની ચર્ચા સાંભળવા મળી રહી છે. જ્યારે પિયર પક્ષ દ્વારા પ્રિયંકાબેનની હત્યા કરી લાશ કૂવામાં નાખી દીધી હોવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. આ અંગે પ્રિયંકાબેનના પિયરિયાઓ દ્વારા સુખસર પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી પંચનામું કર્યું હતું. આ શંકાસ્પદ બનાવની સત્યતા અને મોતનું સાચું કારણ બહાર લાવવા માટે મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે દાહોદની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. હાલ સુખસર પોલીસ દ્વારા આ મામલે ઝીણવટપૂર્વક સઘન તપાસ ચલાવવામાં આવી રહી છે.

વરુણામાં માસૂમ બાળક પર ટ્રેક્ટરનું ટાયર ફરી વળતાં મોત

(પ્રતિનિધિ) સુખસર તા.૧૩

લખણપુર ગામે રહેતા સુક્રમભાઈ તેરસિંગભાઈ મછાર 9મી નવેમ્બરના રોજ પોતાની બાઈક પર પત્ની લક્ષ્મીબેન, પુત્રી ક્રિસ્તનાબેન તથા સાડા ત્રણ વર્ષીય પુત્ર પ્રેયરભાઈને બેસાડી મારગાળા સાસરીમાં જવા નીકળ્યા હતા. વરુણા નાલંદા સ્કૂલ પાસેથી પસાર થતી વખતે સામેથી ટ્રેક્ટર (GJ.20-AQ-7765) પૂરઝડપે આવી રહ્યું હતું. આથી, સુક્રમભાઈએ બ્રેક મારતા બાઈક પર પાછળ બેઠેલાં પત્ની લક્ષ્મીબેન અને તેમના ખોળામાં રહેલો પુત્ર પ્રેયરભાઈ રોડ પર પટકાયા હતા. આ અકસ્માત સર્જાતાં જ ટ્રેક્ટરનું પાછળનું ટાયર બાળકના માથા પર ફરી વળતાં તેને ગંભીર ઈજા પહોચી હતી. આથી, તેને તાત્કાલિક સુખસર સરકારી દવાખાનામાં પ્રાથમિક સારવાર આપી 108 એમ્બ્યુલન્સ મારફતે સંતરામપુર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. જ્યારે અકસ્માતમાં તેની માતા લક્ષ્મીબેનને ઈજાઓ પહોંચી હતી. આ અંગે સુક્રમભાઈ મછારે સુખસર પોલીસ સ્ટેશનમાં ટ્રેક્ટર ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

તળાવનું પાણી પીવા મજબૂર, યાત્રાધામની વ્યવસ્થા સામે સવાલો

પાવાગઢમાં યાત્રાળુઓ માટે પીવાના પાણીની વિકટ તંગી

શ્રદ્ધાળુઓ અને બાળકો હાલાકી ભોગવવા મજબૂર

શુદ્ધ પાણીની તાત્કાલિક સુવિધા ઊભી કરવા માંગ

(પ્રતિનિધિ) હાલોલ તા.૧૩

પંચમહાલ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે મહાકાળી માતાજીના દર્શનાર્થે દરરોજ દેશભરમાંથી ઉમટી પડતા શ્રદ્ધાળુઓ માટે પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા ન હોવાને કારણે ગંભીર મુશ્કેલીઓ ઊભી થઈ છે.

યાત્રાધામમાં પીવાના પાણીની સુવિધાના અભાવે દર્શનાર્થીઓ, મહિલાઓ અને બાળકોએ આકરી હાલાકી ભોગવવી પડી રહી છે. પાવાગઢ ખાતે પાણીની અછતને કારણે બાળકો તળાવનું પાણી પીવા મજબૂર બન્યા હોવાના આક્ષેપો સામે આવતાં યાત્રાધામની સમગ્ર વ્યવસ્થા સામે મોટા સવાલો ઊભા થયા છે.

એક તરફ માતાજીના દર્શન માટે દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે, ત્યારે બીજી તરફ પીવાના પાણી જેવી પાયાની સુવિધા અંગે તંત્ર સમક્ષ પ્રશ્નો ઊઠવા સ્વાભાવિક છે.

યાત્રાળુઓએ માંગ કરી છે કે સંબંધિત તંત્ર તાત્કાલિક જાગીને પાવાગઢ પરિસરમાં ઠેરઠેર શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા ઊભી કરે, જેથી દર્શનાર્થીઓને વધુ હાલાકીનો સામનો કરવો ન પડે. હાલ તો ભક્તોને ભારે તકલીફનો સામનો કરવો પડ્યો હતો.

ડભોઈના વડજ ગામમાં બે જૂથો વચ્ચે ધીંગાણું થયું

વાવ પરિસરમાં આરતી વખતે હાથ-પગ ધોવા મામલે ઝઘડો થયો

(પ્રતિનિધિ) ડભોઇ તા.૧૩

ડભોઈ તાલુકાના વડજ ગામે આવેલી ૯૧૩ વર્ષ જૂની ઐતિહાસિક વાવની આજુબાજુ ગ્રામજનો દ્વારા ભંડોળ એકઠું કરીને મંદિરનો કોરિડોર બનાવવામાં આવી રહ્યો છે. આ કોરિડોરના નિર્માણને લઈને પટેલ સમાજ અને રબારી સમાજના કેટલાક ઈસમો વચ્ચે છેલ્લા ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો.

દરમિયાન, નવા વર્ષ નિમિત્તે આયોજિત અન્નકૂટ મહોત્સવમાં સાંજની આરતી સમયે શંકરભાઈ રબારી મંદિરના કોરિડોર પર હાથ-પગ ધોતા હતા. તે સમયે પાણીની ગંદકી ન કરવા બાબતે ટપારતાં વાતનું વતેસર થયું હતું અને બંને પક્ષો સામસામે આવી જઈ છૂટા હાથની મારામારી પર ઉતરી આવ્યા હતા.

આ ઘટનાની જાણ થતાં જ ડભોઈ પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મોરચો સંભાળી લીધો હતો અને પરિસ્થિતિ થાળે પાડી હતી. પોલીસે આ મામલે બંને પક્ષોની સામસામે ફરિયાદના આધારે હુલ્લડનો કેસ દાખલ કરી કાનૂની તપાસ હાથ ધરી છે.

મેતપુરમાં અન્ય જ્ઞાતિના યુવક સાથે પ્રેમસંબંધ મુદ્દે પિતાએ પુત્રીની હત્યા કરી

ગળુ દબાવી હત્યા કર્યા બાદ આત્મહત્યામાં ખપાવવાનો પિતાનો નિષ્ફળ પ્રયાસ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૩

ખંભાત તાલુકાના મેતપુર ગામના સહજાનંદ ફળિયામાં પ્રેમસંબંધના વિવાદમાં એક પિતાએ જ પોતાની યુવાન પુત્રીની દુપટ્ટા વડે ગળું દબાવી નિર્મમ હત્યા કરી નાખતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ અંગે ખંભાત શહેર પોલીસે હત્યારા પિતા સામે કાયદેસરનો હત્યાનો ગુનો નોંધી અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મેતપુર ગામના કૌશલ રમણલાલ પટેલની પુત્રી સાન્યાને ગામના જ ઋષિ સંદીપભાઈ વ્યાસ નામના યુવક સાથે છેલ્લાં કેટલાંક સમયથી પ્રેમસંબંધ હતો. પુત્રી અન્ય જ્ઞાતિના યુવક સાથે લગ્ન કરવા માંગતી હોવાથી નારાજ પિતા તેને આ સંબંધ તોડી નાખવા માટે વારંવાર સમજાવવાનો પ્રયાસ કરતા હતા. આમ છતાં, સાન્યા પિતાની વાત માનવા તૈયાર નહોતી અને છૂપી રીતે યુવક સાથે ફોન પર વાતચીત ચાલુ રાખતી હતી.

પુત્રીના વારંવારના સમજાવવા છતાં ન સુધરતા વર્તનથી ક્રોધે ભરાયેલા પિતા કૌશલ પટેલે આવેશમાં આવી પોતાના ઘરે જ સાન્યાના ગળામાં દુપટ્ટો વીંટાળી ગળું દબાવી તેની નિર્મમ હત્યા કરી નાખી હતી. ગત તારીખ ૦૯મી નવેમ્બર, ૨૦૨૬ ના રોજ સાંજે ૧૮:૩૦ વાગ્યે ઘટનાની જાણ થતાં જ ખંભાત શહેર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતદેહનો કબજો મેળવી પંચનામા સહિતની આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સગી દીકરી સાન્યાની હત્યા કર્યા બાદ હત્યારા પિતા કૌશલ પટેલે સમગ્ર મામલો આત્મહત્યામાં ખપાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. પરંતુ મૃતકના ગળાના ભાગે ફાંસાના નિશાન અને ટેકનિકલ તપાસમાં બળજબરી થઈ હોવાનું ખુલ્લું પડ્યું હતું. આ ગંભીર હત્યાકાંડ બન્યો ત્યારે ઘરમાં મૃતક દીકરીના દાદા-દાદી અને માતા પણ હાજર હતાં. પોલીસે પરિવારજનોની ઊંડાણપૂર્વક પૂછપરછ કરતાં પિતા કૌશલ પટેલે જ હત્યા કરી હોવાનો પર્દાફાશ થયો હતો.

ઠાસરામાં દિવ્યાંગ યુવકનું તળાવમાં ડૂબી જવાથી મોત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૩

ઠાસરાના તીનબત્તી વિસ્તારમાં દિવ્યાંગ યુવક પાન-બીડીનો ગલ્લો ચલાવીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. ગત 9 નવેમ્બરના રોજ તેઓ રોજિંદી દિનચર્યા મુજબ વહેલી સવારે 4:30 વાગ્યે ગલ્લે પહોંચ્યા હતા. સવારના આશરે 6 વાગ્યાના સુમારે એક અજાણ્યો શખ્સ ગલ્લા પર ઘસી આવ્યો હતો અને કોઈ પણ કારણ વિના દિવ્યાંગ યુવક સાથે છૂટા હાથની મારામારી શરૂ કરી દીધી હતી. આ હુમલાખોર શખ્સ યુવક પાસેથી રૂ. 15,000ની કિંમતનો મોબાઈલ ઝૂંટવી મોટા સૈયદવાડા તરફ ભાગવા લાગ્યો હતો.

પોતાનો કિંમતી મોબાઈલ લૂંટાઈ જતાં દિવ્યાંગ યુવકે બૂમાબૂમ કરી હતી અને નજીકમાં ચાની લારી ચલાવતા વેપારી સાથે લૂંટારાને પકડવા તેની પાછળ દોટ મૂકી હતી. પીછો કરતી વખતે ઠાસરા બસ સ્ટેન્ડ પાછળ આવેલી ભૂલી તલાવડી પાસે અચાનક દિવ્યાંગ યુવકનો પગ લપસતાં તેઓ ઊંડા પાણીમાં ખાબક્યા હતા. યુવકને તરતાં ન આવડતું હોવાથી પાણીમાં ગરકાવ થઈ જતાં તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે લૂંટારો નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

આ બનાવની જાણ થતાં જ મૃતકના પરિવારજનો અને સ્થાનિકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક તરવૈયાઓની મદદથી યુવકના મૃતદેહને બહાર કાઢી સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડાયો હતો. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસતાં લૂંટ અને યુવકનો પીછો કરતી વખતે તળાવમાં પડવાની સમગ્ર ઘટના કેમેરામાં સ્પષ્ટ થઈ હતી. આ અંગે મૃતકના પરિવારે ઠાસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નડિયાદના ટાંકીનો વાલ્વ ફાટતાં હજારો લિટર પાણીનો વેડફાટ



નડિયાદ શહેરના સિવિલ રોડ પર આવેલી પાણીની ટાંકીમાં સમારકામ દરમિયાન અચાનક વાલ્વ ફાટી જતાં મુખ્ય માર્ગ પર હજારો લિટર પાણી વહી જઈને જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. રસ્તા પર પાણી ભરાઈ જવાના કારણે વાહનચાલકો તથા રાહદારીઓ અટવાયા હતા અને ભરશિયાળે ચોમાસા જેવા દ્રશ્યો સર્જાયા હતા. અગાઉથી જ પીવાના પાણીની હાલાકી ભોગવતા વોર્ડ નંબર ૧૨ ના વિસ્તારમાં આ દુર્ઘટનાને પગલે પાણી પુરવઠો ખોરવાઈ જવાની ભીતિ ઊભી થઈ છે. વિપક્ષી કાઉન્સિલર હાર્દિક ભટ્ટે તંત્ર સામે રોષ વ્યક્ત કરી સોસાયટીઓમાં તાત્કાલિક ટેન્કર મારફતે પાણી પહોંચાડવાની માંગ કરી છે.

વિક્રમ ઠાકોરનો કાર્યક્રમ જોઈ પરત ફરતા બે યુવાનોને અકસ્માત નડ્યો

મહેમદાવાદના અકલાચામાં ઝાડ સાથે બાઈક અથડાતાં બેના મોત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૩

દસ્ક્રોઈ તાલુકાના વાંચ ગામે યોજાયેલા માતાજીના માંડવા અને કલાકાર વિક્રમ ઠાકોરનો લોકડાયરો નિહાળીને બાઈક પર પરત ફરી રહેલા બે યુવાનોને મહેમદાવાદ તાલુકાના અકલાચા ગામ પાસે ગોઝારો અકસ્માત નડ્યો હતો. પૂરપાટ ઝડપે આવતાં બાઈકે રસ્તાના વળાંક પરથી કાબૂ ગુમાવી દેતાં બાઈક સીધું ઝાડ સાથે ધડાકાભેર અથડાયું હતું, જેમાં બંને યુવાનોના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા.

અકલાચા ગામ નજીક 12મી નવેમ્બરની સવારે પસાર થતી વખતે તેજ ગતિએ આવતા બાઈકના ચાલકે સ્ટેયરીંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો અને વળાંક પર બેકાબૂ બનેલું બાઈક રસ્તાની બાજુમાં આવેલા ઝાડ સાથે ભયાનક રીતે ટકરાતાં ધૂળની ડમરીઓ ઉડી હતી. આ દુર્ઘટનામાં માથા તેમજ શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચવાના કારણે બંને યુવાનોનું સ્થળ પર જ મોત થયું હતું.

આ હૃદયદ્રાવક અકસ્માત નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં સ્પષ્ટપણે કેદ થઈ ગયો છે. આ અકસ્માતની તીવ્રતા જોઈને પાછળ આવી રહેલો અન્ય એક બાઈક ચાલક પણ ગભરાઈ ગયો હતો અને તેણે પણ વાહન પરનો કાબૂ ગુમાવતા તે રસ્તા પર પટકાયો હતો. આ બનાવ અંગે પોલીસે બંને મૃતકોના મૃતદેહોનો કબ્જો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડ્યા હતા અને સીસીટીવી ફૂટેજ આધારે તપાસ હાથ ધરી હતી.

જાહેર નોટીસ નડીયાદના મે.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી એસ.ડી.ત્રિવેદી સાહેબશ્રીની કોર્ટમાં

અરજદાર : કૈલાશબેન મુકેશભાઈ તળપદા
રહે.બાપુજીનો કુવો, ચકલાસી ભાગોળ, નડીયાદ જી.ખેડા
વિરૂદ્ધ
સામાવાળા : જન્મ મરણ અધિકારીશ્રી, નડીયાદ મહાનગરપાલીકા, મું.નડીયાદ જી.ખેડા

અરજદારના વકીલશ્રી જી.બી. દેવકીયા
ક્રિમીનલ પરચુરણ અરજી નંબર -૧૮૮/૨૦૨૬
આંક-૦૫

જન્મ/મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબની અરજી

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઇસમોને જણાવવાનું કે ઉપરોકત અરજદારે તેઓના પુત્રી નામે શીતલબેન મુકેશભાઈ તળપદાનો તા.૦૧/૦૮/૧૯૯૪ના રોજ નડીયાદ મુકામે આવેલ તેમના ઘરે કુદરતી રીતે જન્મ થયેલ છે. તેની નોંધ નડીયાદ નગરપાલીકામાં કરાવવાની રહી ગયેલ હતી. જેથી તેમના જન્મનો દાખલો મહાનગરપાલીકા, નડીયાદ ખાતેથી મેળવવા અરજદારે તે અંગેની અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે. અરજદારને તેમના પુત્રીનો ઉપરોકત જન્મ તારીખ અંગેનો જન્મનો દાખલો અપાવવા માટે કોઇપણ ઇસમને વાંધો હોય તેઓને તા.૦૫/૧૨/૨૦૨૬ના રોજ અથવા તે પહેલા અત્રેની કોર્ટમાં હાજર રહી વાંધો રજુ કરવો અને જો કોઈ પણ પ્રકારનો વાંધો નહી આવે તો આગળની ન્યાયિક કાર્યવાહી કરવામાં આવશે.

આજ તારીખ ૦૭મી માહે નવેમ્બર સને ૨૦૨૬ના રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

હુકમથી,
(કે.જે.શર્મા)
ઇ/ચા. રજીસ્ટ્રારશ્રી,
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ

તૈયાર કરનાર (કે.જે.ઝાલા) આસીસ્ટન્ટ
કોર્ટનો સિક્કો
મુકાબલ કરનાર (કે.જે.ઝાલા) ઇ/ચા. સુપ્રીટેન્ડેન્ટ

ખેડામાં બેસતાવર્ષ અને ભાઈબીજની રાત્રે ખેલાયું 'કોઠી યુદ્ધ'

પરાદરવાજા વિસ્તારમાં લાખો રૂપિયાના દારૂગોળાથી આકાશ ગુંજી ઊઠ્યું

(પ્રતિનિધિ) ખેડા તા.૧૩

ખેડા શહેરના પરાદરવાજા વિસ્તારમાં નૂતન વર્ષના પ્રારંભે બેસતાવર્ષ અને ભાઈબીજની રાત્રીએ યુવાનો દ્વારા વર્ષો જૂની પરંપરા મુજબ રોમાંચક 'કોઠી યુદ્ધ' રમીને નવા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. આ પરંપરાગત અનોખી લડાઈ નિહાળવા માટે બહારગામથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

આ રમતની શરૂઆતમાં બંને પક્ષના યુવાનો એકબીજા સામે હવાઈઓ નાંખે છે. બાદમાં સળગતી કોઠીઓ હાથમાં લઈને એકબીજા સામે જઈ કોઠીઓ ફોડે છે. કોઠીમાંથી નીકળતી અગ્નિજ્વાળાઓ સામેના પક્ષને પાછા હટવા મજબૂર કરે છે. આ લડાઈ દરમિયાન ઘણા યુવાનો દાઝી જવા છતાં કોઠી લડાઈ રમવાનું છોડતા નથી. આ બે દિવસીય ઉજવણી દરમિયાન યુવાનો દ્વારા લાખો રૂપિયાની કોઠીઓ ફોડવામાં આવે છે.

વર્ષો પહેલાં ભાવસાર અને કા. પટેલ સમાજના લોકો દ્વારા આ રમત શરૂ કરવામાં આવી હતી, પરંતુ હાલમાં તમામ જ્ઞાતિના



યુવાનો એકસાથે મળીને આ ઉજવણીમાં જોડાય છે. કોઠી યુદ્ધ માટે ખેડાના પ્રજાપતિ ભાઈઓ આખું વર્ષ માટીની કાચી કોઠીઓ બનાવે છે.

આ અંગે સ્થાનિક મનોજભાઈ પ્રજાપતિના જણાવ્યા અનુસાર, તેઓ વર્ષ દરમિયાન અંદાજે



૩,૦૦૦ થી ૪,૦૦૦ નાની-મોટી કોઠીઓ તૈયાર કરે છે. નવરાત્રી દરમિયાન યુવાનો આ કોઠીઓ ખરીદીને નજીકના વસો ગામે લઈ જાય છે, જ્યાં અનુભવી કારીગરો દ્વારા તેમાં દારૂ ભરીને કોઠીઓ તૈયાર કરવામાં આવે છે.

॥ નૂતન વર્ષાભિનંદન

Bharat Petroleum
AAZAL PETROLEUM
BPCL DEALER : PH : 0268-2574477
મહુધા ડાકોર રોડ,અલીણા બસ સ્ટેશનની બાજુમાં

Bharat Petroleum
SWIKAR PETROLEUM
Dealer B.P.C. Ltd.
At. & po. Ferkuva, S.No. 34,Chhotaudepur,
FERKUVA. Guj. 391165

IndianOil
AARSHI PETROLEUM
Dealer I.O.C. Ltd.
Block 746,Village. THUVAVI, Ta.
Dabhoi,Dis. Vadodara Tel. 02663-223595